માળીયા(મી). ના મે. પિન્સી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.,માળીયા(મી). સાહેબની કોર્ટમા ,માળીયા(મી).

ફોજદારી કેસ નં:– ૧૦૧૬/૨૦૨૨
આંક:– ૬

ફરીયાદી:– શ્રી સરકાર

વિરૂઘ્ઘ

આરોપી:– હનીફભાઈ જુમાભાઈ સમાણી,
રહે. વાડા વીસ્તાર, માળીયા(મી).

ગુનો:– પ્રોહી.એકટની કલમ ૬૬(૧)બી,

**–: ચુકાદો:–**

**૧.** ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપી સામે પોલીસ સ્ટેશનમા ગુનો નોધાતા આરોપીની અટક કરવામા આવેલી.આજરોજ આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા પોલીસ પેપર્સની તમામ નકલો વિના મુલ્યે આપવામા આવેલી ત્યારબાદ આરોપીએ આંક–પ થી ગુના કબુલાત પુરશીશ રજુ કરેલ છે.જે પુરશીશ વંચાણે લેતા આરોપીએ સ્વૈચ્છીક રીતે સદર ગુનો કબુલ કરેલ જણાય છે.વધુમા, આરોપીએ મૌખિક રજુઆત કરેલ છે કે પોતે ગરીબ ઘરના છે અને અભણ વ્યકિત છે અને તેના કુટુબની જવાબદારી તેમની ઉપર છે.જેથી દયા રાખી ઓછી સજા કરવાની વિનંતી કરે છે. અને ફરીથી આ પ્રકારનો ગુનો ના કરે તેવી બાંહેધરી આપે છે.

૨.આરોપીને ગુના અંગેની તેમજ ગુનાની શિક્ષાત્મક જોગવાઈઓ અંગે પણ સમજ આપેલ છે અને પુછપરછ કરતા સંપુર્ણ સ્વૈચ્છીક રીતે તેણે ગુનો કબુલ કરેલ છે તેવુ ફલીત થાય છે.આ સંજોગોમાં આરોપી ઉપર દયા રાખવી જરૂરી જણાય છે અને તે સંજોગોમાં કેસની તમામ હકીકતો અને આરોપીની રજુઆત તથા આરોપીની ગુનાની શિક્ષાત્મક જોગવાઈઓ તથા નામ,ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર ૨૦૦૫ ના સરકાર વિ.નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને ઘ્યાને લેતા આરોપીને ન્યુનત્તમ કે મહત્તમ સજા નહી કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેવુ જણાતુ હોઈ,આરોપીની ગુના કબુલાત મંજુર કરી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

**–:હુકમ:–**

આરોપી હનીફભાઈ જુમાભાઈ સમાણી, રહે. વાડા વીસ્તાર, માળીયા(મી). વાળાને ઉપરોકત ગુનાના કામે ફોજદારી સંહીતા,૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૬(૧)બી, હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂપિયા–૧૦૦/– નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને દંડ ન ભરે તો તેને ૨ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

તારીખ:– ૧૨/૧૧/૨૦૨૨
માળીયા(મી).

( અમિતકુમાર સીઘ)
પ્રિન્સી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.,માળીયા(મી).
GJ01295

Fine Paid Rs. /-
Vide receipt No.___________